તારીખ :- ૦૬/૧૦/૨૦૨૫

સંદેશ, પાના નંબર :- ૦૭

# મેટ્રોને નવરાત્રિ ફળી: ૧૪.૨૦ લાખ મુસાફરો થકી ૧.૭૫ કરોડની રોકડી કરી

| અમદાવાદ |

આ વર્ષે મેટ્રોને નવરાત્રિ ખાસ્સી ફળી હતી. તા.૨૨ સપ્ટેમ્બરથી લઈને તા. ૧ ઓક્ટોબર સુધી ૧૪,૨૦,૦૫૮ મુસાફરોએ મુસાફરી કરી હતી. જેના થકી મેટ્રોને ૧.૭૫ કરોડની આવક થઈ હતી ! નવરાત્રિની ઉજવણીને ધ્યાનમાં રાખીને સવારે ૬ વાગ્યાથી રાતના ૨:૦૦ વાગ્યા સુધી મેટ્રો ટ્રેન તા. ૧ ઓક્ટોબર સુધી દોડાવાઈ હતી. આ વર્ષની નવરાત્રિમાં અમદાવાદ મેટ્રોમાં મુસાફરોની અદ્ભૂત ભીડ જોવા મળી હતી. જે અત્યાર સુધીનો સર્વોચ્ચ આંકડો ગણાય છે.

નવરાત્રિ દરમિયાન શહેરના ગરબા ગ્રાઉન્ડ્સ, ખાસ કરીને રિવરફ્રન્ટ, મણિનગર, થલતેજ, હેલ્મેટ ચાર રસ્તા. વસ્ત્રાલ, એપરલ પાર્ક ખોખરા અને વેજલપુર સ્ટેશનો પર મુસાફરોની ભારે અવરજવર રહી હતી. રાત્રે ગરબા બાદ મોટી સંખ્યામાં યુવાવર્ગ, કુંટુબો અને પ્રવાસીઓએ મેટ્રો સેવા લીધી હતી. અમદાવાદ મેટ્રો મેનેજમેન્ટના જણાવ્યા મુજબ, ટ્રેનોનો સમય વધારવો, સ્ટેશનો પર સુરક્ષા અને માર્ગદર્શક સ્ટાફની વધારાની ડ્યુટી તથા મુસાફરોને ટિકિટ કાઉન્ટર સિવાય ડિજિટલ પેમેન્ટ વિકલ્પો દ્વારા સુવિધા ઉપલબ્ધ કરાવાઈ હતી.